આ અદ્દભૂત પૃથ્વી
હરીભરી, સુંદર,
સમૃધ્ધ છે એના પર
આપણને આનંદથી
જીવવાનું છે
- જે.કૃષ્ણમૂર્તિ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૪૩ | ૨૩ એપ્રિલ ૨૦૧૨, સોમવાર, વૈશાખ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# જિલ્લા પોલિસતંત્રમાં વ્યાપક ફેરફારો

## જિલ્લાના ૧૩ પોલિસ ઈન્સ્પેક્ટરો અને ૪ સબ ઈન્સ્પેક્ટરોની બદલીના હુકમો : સેક્ટર-૭ અને સે. ૨૧ પોલિસ સ્ટેશનના ચારેય ઈન્સ્પેક્ટર બદલાયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પોલીસતંત્રનો આજે બદલીનો ગંજીફો ચીપાયો હતો. જેમાં જિલ્લા પોલીસતાંત્રના ૧૩ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રીઓ અને ૪ પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રીઓની આંતરિક બદલી કરવામાં આવી છે. એક સાથે ૧૩ પી.આઈ.ની બદલી થતાં પોલીસ બેડામાં કોને ક્યાં મુક્યા તે જાણવાની ઉત્તેજના જોવા મળતી હતી.

વિધાનસભા સત્ર પછી રાજ્યમાં પોલીસતંત્રમાં કરાયેલા ફેરફારો બાદ જિલ્લામાં પણ કરાયેલા આ ફેરફારોએ રાજકીય ચર્ચા પણ જગાવી છે.

પાટનગરમાં વધતા જતા ગુનાઓ અને ચોરીના બનાવોથી તંત્રમાં આ ગંજીફો ચીપાયાની વાતો છાને છપને થતી જોવા મળી હતી. આજે રજાના દિવસે બદલીના કરાયેલા નિર્ણયને લઈ પોલીસ બેડામાં સન્નાટો પણ જોવા મળ્યો હતો.

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક શ્રીમતી અર્ચના શિવહરે દ્વારા જિલ્લા પોલીસતંત્રનો બદલીનો ગંજીફો ચીપાયો હતો. જેમાં ગાંધીનગર શહેરના સેક્ટર-૭ અને સેક્ટર-૨૧ પોલીસમથકના બે બે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રીઓની બદલી કરવામાં આવી છે. જેમાં સેક્ટર-૭ પોલીસમથકના પી.આઈ. શ્રી એ.એમ. પરમારની બદલી કરી અડાલજ પોલીસ મથકમાં અને પી.આઈ. શ્રી એસ.બી. પટેલની સેક્ટર-૨૧ પોલીસમથકમાં સીનીયર પીઆઈ તરીકે નિમણુંક કરવામાં આવી છે.

તે ઉપરાંત સેક્ટર-૨૧ પોલીસમથકમાં હાલમાં ફરજ બજાવતા પીઆઈ શ્રી બી.એન. દવેની બદલી કરીને માણસા પોલીસ મથકમાં તથા પી.આઈ. શ્રી આર.જી. ભાવસારની બદલી કરીને કલોલ શહેર પોલીસમથકમાં નિમણુંક કરવામાં આવી છે.

સેક્ટર-૭ પોલીસમથકમાં સીનીયર પી.આઈ. તરીકે અડાલજ પોલીસમથકના શ્રી આઈ. શ્રી એસ.એ. ગઢવી અને સેકન્ડ પી.આઈ. તરીકે કલોલ શહેર પોલીસમથકના શ્રી એસ.કે. રહેવરની નિમણુંક કરવામાં આવી છે. સેક્ટર-૨૧ પોલીસમથકમાં સીનીયર પી.આઈ. તરીકે સેક્ટર-૭ પી.આઈ. શ્રી એસ.બી. પટેલ અને સેકન્ડ પી.આઈ. તરીકે લીવ રીઝર્વ પી.આઈ. શ્રી બી.એચ. ટીટોડ નિમાયા છે.

### કોની - ક્યાં બદલી

**● પોલીસ ઈન્સ્પેક્ટરની બદલી**

| નામ | હાલમાં ફરજ પર | ક્યાં નિમાયા |
|---|---|---|
| એ.એમ. પરમાર | સેક્ટર-૭ પોલીસમથક | અડાલજ પોલીસમથક |
| એસ.એમ. શેખ | એસઓજી | દહેગામ પોલીસમથક |
| જે.એમ. પટેલ | ટ્રાફિક શાખા | કલોલ તાલુકા |
| એ.જે. ઝાલા | લીવ રઝર્વ | આર.ટી.આઈ. શાખા, હેડ ક્વાર્ટર |
| વાય.આર. ગામીત | એલ.આઈ.બી. શાખા | ટ્રાફિક શાખા |
| બી.એન. દવે | સેક્ટર-૨૧ | માણસા પોલીસ મથક |
| એમ.એમ. રબારી | માણસા પોલીસ મથક | સીપીઆઈ ગાંધીનગર |
| બી.એચ. ટીટોડ | લીવ રીઝર્વ | સેક્ટર-૨૧ પોલીસ મથક |
| એસ.કે. રહેવર | કલોલ શહેર | સે.- ૭ પોલીસ મથક |
| આર.જી. ભાવસાર | સે.-૨૧ પોલીસ મથક | કલોલ શહેર |
| એસ.એસ. ગઢવી | અડાલજ પોલીસ મથક | સે. ૭ પોલીસ મથક |
| પી.ટી. બોદર | કન્ટ્રોલરૂમ | એલઆઈબી શાખા |
| એસ.બી. પટેલ | સે. ૭ પોલીસ મથક | સે. ૨૧ પોલીસ મથક |

**● પોલીસ સબ ઈન્સ્પેક્ટરની બદલી**

| | | |
|---|---|---|
| એ.આર. મોડિયા | ડભોડા પોલીસ મથક | કન્ટ્રોલરૂમ |
| આર.ટી. બ્રહ્મભટ્ટ | કન્ટ્રોલરૂમ | કલોલ તાલુકા |
| ડી.એસ. પરમાર | રખિયાલ પોલીસ મથક | ડભોડા પોલીસ મથક |
| કુ. એમ. આર. પુવાર | હેડક્વાર્ટર | રખિયાલ પોલીસ |

## જિલ્લા કલેક્ટરોને તેડુ મોકલતુ ચૂંટણી પંચ

### સોમવાર અને મંગળવારે દિલ્હીમાં પંચ કલેક્ટરો સાથે મહત્વની ચર્ચાઓ કરશે

ગાંધીનગર, તા. ૨૨

ચૂંટણી પંચે વિધાનસભાની આવી રહેલી સામાન્ય ચૂંટણીઓની તૈયારી અંગે માર્ગદર્શન તેમજ ચૂંટણીના નિયમોમાં કરાયેલા ફેરફારોની જાણકારી આપવા માટે બે દિવસ રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરોને દિલ્હી બોલાવ્યા છે.

રાજયમાં આવી રહેલી વિધાનસભાની ચૂંટણીઓ અંગે ચૂંટણી પંચ દ્વારા તેની કવાયત વેગીલી બનાવવામાં આવી છે. પહેલાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓને બે દિવસની તાલિમ આપ્યા બાદ હવે જિલ્લા કલેક્ટરોને માર્ગદર્શન અને નવા નિયમોની જાણકારી આપવા માટે દિલ્હી બોલાવ્યા છે.

દરેક જિલ્લામાં મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે જિલ્લા કલેક્ટરો હોદ્દાની રૂએ ફરજો બજાવતા હોય છે. પંચે છેલ્લા એક માસથી સામાન્ય ચૂંટણીઓ અંગેની તેની કવાયત વેગીલી બનાવી છે. જિલ્લા કલેક્ટરો સાથે ખાસ કરીને પંચ દ્વારા યોજવામાં આવનાર મતદાર જાગૃતિ અભિયાન સંદર્ભે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો મુજબ રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ પૂર્વે મતદારયાદીની સુધારણા અંગેનો એક કાર્યક્રમ પણ પંચ દ્વારા આપવામાં આવે તેવી શક્યતાઓ છે.



આત્મન્ ફાઉન્ડેશન દ્વારા ૧૬મી અભિવ્યક્તિ શિબિરનો આરંભ કરવામાં આવ્યો છે. પોતાના શિરસ્તા મુજબ ખુલ્લી હવામાં ને પ્રાકૃતિક વાતાવરણમાં આ શિબિર યોજવામાં આવ્યો છે. બાળકોને બ્રિધીંગ ઍક્સરસાઈઝથી માંડીને નાટક, વાર્તા, ગીતો, રમતો અને નાનાં તબીબી સૂચનોનો પણ આ શિબિરમાં ઉમેરો કરવામાં આવ્યો છે. ત્રણ દિવસીય આ શિબિરમાં ૪૦ જેટલાં બાળકો ભાગ લઈ રહ્યાં છે. (તસવીર : કુંતલ નિમાવત)




Stockiest List - Gandhinagar Dist. :

| Customer Name | City | Mobile No. |
|---|---|---|
| SHREE BRAHMANI TRADERS | ADALAJ | 97236 61259 |
| SHREE PRAMUKH TRADERS | ALAMPUR | 98255 77299 |
| SANJAR SALES | BAHIYAL | 98794 09003 |
| SHRI JALARAM TRADERS | CHANDRALA | 98983 10599 |
| MITA ENTERPRISES | CHHALA | 98988 01021 |
| AESHVI ENTERPRISE | CHILODA | 99253 74003 |
| UMIYA PLYWOOD | CHILODA | 99250 31083 |
| HET TRADERS | DABHODA | 81410 17688 |
| SHRI RAJ TRADERS | DEHGAM | 99748 54284 |
| DEV TRADER & BUILDING MATERIAL | DEHGAM | 99259 58281 |
| DHANLAXMI STEEL TRADERS | GANDHINAGAR | 97260 42556 |
| JAY BHAVNI TRADERS | GANDHINAGAR | 99987 44955 |
| JAY VISAT PIPE TRADERS | GANDHINAGAR | 94284 07632 |
| DALWADI BUILDING MATERIAL SUPP. | GANDHINAGAR | 98981 92761 |
| BHAGWATI MARKETING | GANDHINAGAR | 99250 17137 |
| SHREE GANESH STEEL CORPORATION | GANDHINAGAR | 98986 11879 |
| BRAHMANI TRADERS | KOBA | 99245 06106 |

S. P. : N. M. Enterprise Gandhinagar - 99099 41892

| Customer Name | City | Mobile No. |
|---|---|---|
| MAN ENTERPRISE | KUDASAN | 94270 21817 |
| SHIVSHAKTI TRADERS | LEKAVADA | 99091 82726 |
| BRAHMANI TRADING COMPANY | LIMBODARA | 99984 90278 |
| AVADHOOT TRADERS | MAGODI | 9898790407 |
| SIDHESHWARI CEMENT DEPO | MUBRAKPUR | 94290 63823 |
| VIJAY TRADERS | PALAJ | 99040 81428 |
| SHREE LAXMINARAYAN TRADING CO. | PETHAPUR | 99789 12064 |
| GURUKRUPA TRADERS | RAKHIAL | 96011 94730 |
| PATEL KAMLESH DAHAYABHAI | RANDHEJA | 98242 81435 |
| AMRUTLALA NATHALALSHAH | SADRA | 94284 15202 |
| HETAL TRADERS | SHERTHA | 99984 66457 |
| YOGESHWAR TRADERS | VALAD | 97376 81797 |
| SHREE BHAVANI TRADERS | VAVOL | 99247 40778 |
| SHRI MAHAKALI TRADERS | ZAK | 98258 96111 |
| Company Markteing Staff : | | |
| Kartikey Vyas | | 98796 05116 |
| Kinshuk Dave | | 83475 57002 |